


# મરાઠાવાડ યુનિ.ની સાથે ડૉ. આંબેડકરનું નામ જોડવા બાબતે રા.સ્વ.સંઘે પોતાનો મત જાહેર કર્યો અને વિરોધીઓના પાસા ઉલટા પડ્યા

**છણાવટ**

રમેશ પતંગે






# મરાઠાવાડ યુનિ.ની સાથે ડૉ. આંબેડકરનું નામ જોડવા બાબતે રા.સ્વ.સંઘે પોતાનો મત જાહેર કર્યો અને વિરોધીઓના પાસા ઉલટા પડ્યા

**પ્રસ્તાવના : મરાઠાવાડ યુનિવર્સિટીને ડૉ. આંબેડકરનું નામ આપવા બાબતે ઉગ્ર આંદોલન મહારાષ્ટ્રમાં શરૂ થયું ત્યારે ચૂંટણી નજીક હોવાથી મરાઠા મત ગુમાવવાની બીકે શિવસેનાએ ડૉ. આંબેડકરનું નામ જોડવાની સ્પષ્ટ ના પાડી. કોંગ્રેસના શરદ પવારે પણ આગામી ચૂંટણીમાં મરાઠા મતોનું ધોવાણ થવાના ડરે અવઢવમાં રહી આર.એસ.એસ.ના માથે દોષનો ટોપલો નાંખવાની પેરવી કરવા માંડી. બરાબર આ જ સમયે રા.સ્વ.સંઘે મરાઠાવાડ યુનિ. સાથે ડૉ. આંબેડકરનું નામ જોડવા બાબતે પોતાનો મત સ્પષ્ટ કરતાં કોંગ્રેસની બાજી ઉલટી પડી ગઈ. 'વિવેક'ના તંત્રી શ્રી રમેશ પતંગેએ આ સમગ્ર ઘટનાની માહિતી પોતાના પુસ્તક 'હું, મનુ અને સંઘ'માં પ્રગટ કરી છે. આ પુસ્તકમાંથી કેટલાક મહત્ત્વના ફકરા તારવીને અમે 'સાધના'ના વાચકો માટે આ લેખમાં પ્રસ્તુત કર્યા છે. વર્તમાન સંદર્ભમાં સંઘને સમજવા આ લેખ ખૂબ ઉપયોગી નીવડશે એવું અમારું માનવું છે. - સંપાદક મંડળ**

૧૯૯૩ના ઉત્તરાર્ધમાં નામાંતરના પ્રશ્નના અંતિમ પર્વનો પ્રારંભ થયો. ૧૯૯૫માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી થવાની હતી. આંબેડકરવાદી પ્રજાએ આ ચૂંટણી પહેલાં નામાંતરના પ્રશ્નનો ઉકેલ લાવવાનો નિર્ણય કર્યો હતો. આત્મદહન જેવા અંતિમ માર્ગોનો પણ વિચાર થવા લાગ્યો હતો. શરદ પવારને ટેકો આપનારા રામદાસ આઠવલે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. નામાંતરની ખાતરી લઈને તેમણે કોંગ્રેસને ટેકો આપ્યો હતો. આ ટેકાના બદલામાં તેમને મંત્રીપદ મળ્યું હતું. હવે આંબેડકરવાદી લોકો જ તેમને પૂછતા હતા કે નામાંતર વિશે તમે શું કરી રહ્યા છો ? શરદ પવારને આંબેડકરવાદીઓના મત તો જોઈતા હતા, પરંતુ નામાંતરના બદલામાં નહીં. પરિણામે કોંગ્રેસના પરંપરાગત મતદારો નારાજ થવાના હતા અને પવાર આવું કોઈ જોખમ ઉઠાવવા તૈયાર નહોતા. આવા સમયે ચતુર રાજકારણી સમય પસાર કરવાની નીતિ અપનાવે છે. તે મુજબ પવાર સાહેબ પણ સમય પસાર કરવાની રમત રમી રહ્યા હતા...

...શરદ પવારને લાગતું હતું કે નામાંતર કર્યા વગર જ તેઓ પ્રજાના મત મેળવી લેશે. શિવસેનાનો નામાંતર સામે વિરોધ હતો. શરદ પવારને લાગતું હતું કે, હિન્દુત્વવાદીઓના વિરોધનું બહાનું બતાવી દલિતોના મનમાં તેના પ્રત્યે ડરની ભાવના પેદા કરી શકાશે. સંઘવાળા શિવસેનાના વિરોધમાં ઊભા થાય તેવી શક્યતા નહોતી, તેના કારણે કાયમની માફક સંઘને બલિનો બકરો બનાવી શકાશે. સંઘ (RSS)ને ભાંડવા માટે કોઈ નવી વાત કહેવાની જરૂર નહોતી. મનુવાદ, જાતીયતા, વિષમતા, બ્રાહ્મણવાદ, પેશવાશાહી આ બધા શબ્દ તેમના માટે ઘણા હતા, પરંતુ શરદ પવાર સંઘ વિશેનો અંદાજ ચૂકી ગયા. સંઘે નામાંતરના ટેકામાં દઢતાથી ઊભા રહેવાનો નિશ્ચય કર્યો હતો. પવાર સાહેબને સંઘના આ નિર્ણયની કલ્પના નહોતી; પરંતુ અમને લોકોને આ વાતની ખબર હતી. કારણ, સંઘના આ નિર્ણય પાછળ કામ કરનારા ઘટકોમાંથી એક અમે પણ હતા...

...સંઘે નામાંતરણને ટેકો આપવાનો નિર્ણય લીધો. એ પછી પણ તેને બધાની માન્યતા મળવી જરૂરી હતી. કોઈ પણ નિર્ણય સર્વમાન્ય બને તે માટે સંઘની એક વિશેષ કાર્યપદ્ધતિ છે. 'સમન્વય બેઠક' આ પદ્ધતિનો એક મુખ્ય માર્ગ છે. 'સમન્વય બેઠક' એટલે સંઘના વિવિધ કાર્યક્ષેત્રોની સમન્વય બેઠક. સમાજના વિવિધ ક્ષેત્રોમાં

કામ વિશે નિર્ણય લેનારા કાર્યકર્તાઓની બેઠક મળી. તેમાં નામાંતરના મુખ્ય પ્રશ્ન પર ચર્ચા થઈ...

...બેઠકમાં ઉપસ્થિત કાર્યકર્તા, પ્રાંતસ્તરે નિર્ણય લઈ શકનારા મોટા કાર્યકર્તાઓ હતા. બેઠકનું સંચાલન ભિકુઈદાતે (પ્રાંત કાર્યવાહ) કરી રહ્યા હતા. બધાની વાતો સાંભળી લીધા પછી અંતિમ નિર્ણય એમણે જ કરવાનો હતો. બેઠકનું સમાપન કરતાં તેમણે કહ્યું, ''હાલ આ વિષય આપણે અહીંયાં જ અટકાવીએ છીએ, હાલ તરત કોઈ નિર્ણય કરી શકાય તેમ નથી. સંઘના સહકાર્યવાહ શ્રી હો. વે. શેષાદ્રિજીનો પ્રવાસ ટૂંક સમયમાં જ શરૂ થવાનો છે. જાલનામાં તેમની સાથે મરાઠાવાડના બધા કાર્યકર્તાઓની બેઠક થવાની છે. તે વખતે બધા સાથે ચર્ચા કર્યા પછી જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.''...

...જાલનામાં ઑક્ટોબર મહિનામાં નામાંતર અંગેની બેઠક થઈ. આ એક ઐતિહાસિક બેઠક સાબિત થઈ. એક કાર્યકર્તાએ શ્રી શેષાદ્રિજીને પૂછ્યું કે, ''નામાંતર અંગે આપણી શું ભૂમિકા છે ?'' તેમણે સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો કે, ''સંઘ નામાંતરના વિરોધમાં નથી. નામાંતર થવું જ જોઈએ અને મરાઠાવાડ વિશ્વવિદ્યાલયને ડૉ. બાબાસાહેબનું નામ આપવું જોઈએ.'' આ રીતે કેન્દ્રીય નેતૃત્વ તરફથી નામાંતર વિશે સંઘની ભૂમિકા સ્પષ્ટ થયા પછી આગળનું કામ સરળ બની ગયું. જાલનામાં રાતે બધા કાર્યકર્તાઓની બેઠક થઈ. બેઠક મોડે સુધી ચાલી. મરાઠાવાડના જિલ્લા કાર્યવાહ, સહ જિલ્લા કાર્યવાહ, પ્રચારક, વિવિધ ક્ષેત્રોના કાર્યકર્તા બેઠકમાં ઉપસ્થિત હતા...

...દામુ અણ્ણાએ બેઠકનો સમારોપ કરતાં 'નામાંતરને સંઘનું સમર્થન છે' એવી ભૂમિકા રજૂ કરી. સંઘનો આ એક ઐતિહાસિક નિર્ણય હતો. પ્રગતિવાદીઓની ભાષામાં (કહેવાતા) 'મનુવાદીઓએ' એક ડગલું આગળ મૂક્યું હતું...

...૧૯ ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ સંઘના પ્રાંત કાર્યવાહ શ્રી ભિ. રા. ઈદાતેએ નામાંતરના સમર્થનમાં સંઘની એક પત્રિકા પ્રગટ કરી. આ પત્રિકા આ પ્રકારે હતી :

**રા. સ્વ. સંઘ (મહારાષ્ટ્ર)**
મોતીબાગ, ૩૦૯ / શનિવાર પેઠ,
પૂણે - ૪૧૧ ૦૩૦ દૂરભાષ - ૪૫૮૦૮૦

## નામાંતરણ તાત્કાલિક થવું જોઈએ

**મરાઠાવાડ વિદ્યાપીઠના નામાંતરણનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે. આ પ્રશ્ને આંબેડકરવાદી પ્રજાની ભાવના અત્યંત તીવ્ર છે. નામાંતર માટે શ્રી ગૌતમ વાઘમારેને આત્મદહન કરવું પડ્યું. આ અત્યંત ખેદજનક છે. સાચું પૂછો તો વિધાનમંડળે પસાર કરેલા ઠરાવનું પાલન ઘણા સમય પહેલાં જ થઈ જવાની જરૂર હતી, છતાં પણ વધારે સમય ન ગુમાવતાં મહારાષ્ટ્ર સરકારે મરાઠાવાડ વિદ્યાપીઠનું નામાંતર કરવાનો નિર્ણય તરત લઈ લેવો જોઈએ એવું આવાહન હું મહારાષ્ટ્ર સરકારને કરું છું.**

**રા. સ્વ. સંઘ નામાંતરને કોઈપણ જાતની શરત વગર પૂરો ટેકો જાહેર કરે છે. નામાંતર એ રાષ્ટ્રીય અસ્મિતાનો વિષય છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર એક મહાન રાષ્ટ્રભક્ત હતા. તેમણે પોતાની સમગ્ર શક્તિ લગાવીને દેશસેવા કરી. કોટિકોટિ લોકોના મનમાં તેમના પ્રત્યે પૂજ્ય ભાવના છે. મહારાષ્ટ્ર સરકાર અને સમગ્ર સમાજે તેમનો યથોચિત આદર કરવો જોઈએ, એવો સંઘનો સ્પષ્ટ મત છે.**

**નામાંતરના પ્રશ્નને કોઈએ પણ સામાજિક સંઘર્ષનો પ્રશ્ન નહીં બનાવવો જોઈએ. નામાંતરનો પ્રશ્ન લઈને સામાજિક એકતા નિર્માણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. નામાંતર એ કોઈ એક વર્ગનો વિજય અથવા બીજા કોઈ વર્ગની હારનો પ્રશ્ન નથી. તેને એવું સ્વરૂપ આપવું અત્યંત ઘાતક છે.**

**શિવસેના પ્રમુખ શ્રી બાળાસાહેબ ઠાકરેને અમારું નમ્ર નિવેદન છે કે, 'હિન્દુ સમાજનાં વ્યાપક સામાજિક હિતોનો વિચાર કરી નામાંતરનો વિરોધ ન કરે.' આંબેડકરવાદી પ્રજા પણ આપણા જ રક્ત-માંસની બનેલી છે. આ પ્રજાનો વિરોધ કરી પરસ્પર સંઘર્ષનો માર્ગ ન અપનાવવો જોઈએ.**

**તમામ હિન્દુત્વવાદીઓને પણ મારું નમ્ર આવાહન છે કે નામાંતરના સમર્થનમાં દ્રઢતાથી ઊભા રહે, નામાંતરના પ્રશ્ને સામાજિક સંઘર્ષ ન થાય તેનું બધાએ ધ્યાન રાખવું જોઈએ. મરાઠાવાડના સંઘ-સ્વયંસેવકોએ પણ અત્યંત સાવધાન રહીને નામાંતરને દ્રઢતાપૂર્વક ટેકો આપવો જોઈએ અને સામાજિક સંઘર્ષ ન થાય તેનું પૂરેપુરું ધ્યાન રાખવું જોઈએ.**

**(ભિ.રા. ઈદાતે)**
**પ્રાંત કાર્યવાહ**
૧૯ ડિસેમ્બર, ૧૯૯૩

**(નવા કાળ, સકાળ, મહારાષ્ટ્ર ટાઈમ્સ, લોકસત્તા, મુંબઈ તરુણ ભારતમાં પ્રકાશિત)**

“‘સંઘ અને ભાજપના કાર્યકર્તા નામાંતરના સમર્થનમાં સક્રિય થઈ ગયા છે એ પ્રજાને સમજાવવામાં જરાય વાર લાગી નહીં. દેવગિરિ ‘તરુણ ભારતે’ નામાંતરના સમર્થનમાં એક અખબારી મોરચો ઊભો કર્યો. સમરસતા મંચ તરફથી નામાંતરના સમર્થનમાં ઘણાં સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું. આ સમયે મારી ‘નામાંતરનું સમાજકારણ થવું જોઈએ’ નામની પુસ્તિકા પ્રગટ થઈ. સંઘ દ્વારા સાર્વજનિક રીતે નામાંતરને સમર્થન આપવાથી સમાજના વિચારવંત લોકો પણ સાવધાન બની ગયા. સંઘનું કોઈપણ કામ સમાજના હિતમાં જ હશે એવી લોકોની ધારણા છે. લોકોને એવો પણ વિશ્વાસ છે કે, સમાજને નુકસાન થાય તેવું કોઈ કામ સંઘ ક્યારેય નહીં કરે. પરિણામે શિવસેનાનો વિરોધ માત્ર શાબ્દિક સાબિત થયો. શિવસેના ગર્જના કરતી રહી પરંતુ તે તોફાનો કરવાં દલિતોનાં ઘર સળગાવવાં જેવાં કામોના ચક્કરમાં ન પડી.’’...

...અંતે ૧૪ જાન્યુઆરી, ૧૯૯૪ના દિવસે શરદ પવારની સરકારને મરાઠાવાડ વિદ્યાપીઠનું નામાંતર કરવાનો નિર્ણય લેવો જ પડ્યો. તેમની સામે બીજો કોઈ વિકલ્પ હતો જ નહીં. નામાંતરને લઈને હવે એવી પરિસ્થિતિ પેદા થઈ કે જે નામાંતરના વિરોધમાં હતા, માત્ર એવા લોકો જ શિવસેના સાથે મેદાનમાં રહ્યા. હવે નામાંતર કરવામાં નહીં આવે તો સ્થિતિ ‘ન ઘરના, ન ઘાટના’ જેવી બની જશે. પરિણામે લાચારીથી શરદ પવારે નામાંતર કરવાનો નિર્ણય લેવો પડ્યો. આમ, સંઘની એક નાનકડી કાર્યવાહીના કારણે ૧૩ વર્ષથી લટકી રહેલો આ પ્રશ્ન શાંતિથી ઉકેલાઈ ગયો.

આજે નામાંતર એક ઐતિહાસિક ઘટના બની ગઈ છે. હિન્દુ સમાજના અગ્રણી નેતાઓના ૧૯૨૭ અને ૧૯૯૪ના વર્તનમાં કેટલું જમીન-આસમાનનું અંતર આવી ગયું હતું ? હિન્દુ સમાજની માનસિકતામાં આ મોટું પરિવર્તન સંઘની હિન્દુત્વવાદી ભૂમિકાના કારણે જ શક્ય બન્યું હતું. ૧૯૨૭માં ‘બધા સાર્વજનિક કૂવા બધી જ્ઞાતિ અને વર્ગો માટે ખુલ્લા છે.’ આ ઠરાવને વ્યવહારમાં લાવવાનો હતો. સનાતની લોકોને આ ઠરાવ માન્ય નહોતો. ૧૯૭૮માં નામાંતરનો ઠરાવ પસાર થયો હતો, પરંતુ હવે સનાતની લોકોની જગ્યા સમાજવાદીઓએ લઈ લીધી હતી. તેમનો પણ એ જ તર્ક હતો, એ જ બદમાશી હતી. ફરક કેવળ એટલો હતો કે એ વખતે હિન્દુ સમાજનું ભલું ઇચ્છતો સંઘ ખૂબ નાનો હતો. હવે સંઘ ઘણો મોટો થઈ ગયો હતો. હવે પરિસ્થિતિને બદલી શકવાનું સામર્થ્ય સંઘમાં હતું. હું ૧૯૨૭ તથા ૧૯૯૪ની પરિસ્થિતિઓનો અભ્યાસ કરી રહ્યો હતો. સંઘની આ વિશાળ શક્તિનાં દર્શન પામીને મને ખૂબ આનંદ થયો.

